# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/186 Dt. 17/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સિંધુ સેવા સમિતિ સ્કૂલના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ અંગે માર્ગદર્શન અપાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૩ ઓકટોબર ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે, સિંધુ સેવા સમિતિ સ્કૂલ, અડાજણ, સુરતના વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક અવેરનેસ સેશન યોજાયું હતું. જેમાં પ્રાથમિક વિભાગના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઇસન્સના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ ટ્રાફિકના સિગ્નલ અને નાની ઉંમરે વાહન ચલાવવાથી તેમજ રોંગ સાઇડમાં વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઇલનો ઉપયોગ કરવાથી થતાં ગંભીર અકસ્માતોની માહિતી આપી અકસ્માતોથી બચવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઇસન્સના નિયમિત ઉપયોગની આવશ્યકતા અંગે યોગ્ય ઉદાહરણો સાથે સમજ આપી હતી.

આ પ્રસંગે ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના કો-ચેરપર્સન શ્રી અર્ચનાબેન દેસાઇ, કો-ચેરમેન શ્રી મુકેશ પટેલ અને કમિટીના સભ્ય શ્રી ગણેશ સોલંકી, શ્રી જતિન શાહ અને શ્રીમતી છાયાબેન મહેતાની સાથે શાળાના ૧૫ થી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.